પીએમ કૃષિ સિંચાઈ યોજના ઉત્પાદન વધારવાની યોજના

અમદાવાદ,તા.૮

ગ્રામ વિકાસ રાજય મંત્રી બચુભાઈ ખાબડે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ખેડૂતોને સહાયરૂપ થવા અને કૃષિ ઉત્પાદન વધારવા માટેની યોજના છે તેમ જણાવ્યું છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત મહિસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કૃષિ ઉત્પાદન માટેના કામો અંતર્ગત મંત્રીએ જણાવ્યું હતું કે, સિંચાઈ માટે વોટર પંપ માટે ૧૮૯ ખેડૂતોને ૪૨.૩૩ લાખ અને નાની સિંચાઈ અને વેલાવાળા શાકભાજી માટે ૧૮૫ લાભાર્થીઓને ૩૪.૨૯ લાખ મળી કુલ ૩૭૪ લાભાર્થીઓને કુલ ૭૬.૬૨ લાખની રકમનો લાભ મળે છે. મંત્રીએ જણાવ્યું કે, ૨૦૦૯-૧૦માં સંકલિત જળસ્ત્રાવ યોજના નામે ઓળખાતી આ યોજના પ્રધાનમંત્રી કૃષિ યોજના અંતર્ગત પ્રોજેકટનો ગાળો ચાર થી સાત વર્ષનો હોય છે.

મોડાસામાં મારૂ મન બની મોર થનગનાટ કરે

ઈશ્વરે અન્ય પક્ષીઓની સરખામણીમાં મોરને અલગ જ પ્રકારની આકર્ષક શરીર રચના અને કર્ણપ્રિય ટહુકો આપીને અલગ ઓળખ ઉભી કરી છે. આકાશ પર ઘનઘોર વાદળો છવાય અને વર્ષારાણીની પધરામણી થાય ત્યારે આ રાજવી પક્ષી પોતાના વિશાળ પીંછા ફેલાવીને કળાની મુદ્રામાં હવાના સુસવાટાભર્યા લયમાં, તા થૈ ના તાલ સાથે પગલાંને થડકારા દેતા મસ્તીભર્યું નૃત્ય કરવા લાગે છે. મોડાસા શહેરના રામપાર્ક સોસાયટી નજીક આવેલી એક શાળાના પરિસર નજીક મોર જાણે ઢેલને આકર્ષવા "મારૂ મન બની મોર થનગનાટ કરે" નૃત્ય કરતો કેમેરામાં કેદ થયો હતો.

પૂર્વ પાસ અગ્રણી રેશમા પટેલ સામે મહેસાણા કોર્ટ દ્વારા વોરંટ

મહેસાણામાં મંજૂરી વગર આઝાદી કૂચ કાઢવામાં આવતા રેશમા-જીજ્ઞેશ સહિત ૧૨ની વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી

મહેસાણા, તા.૮

મહેસાણામાં મંજૂરી વગર કાઢવામા આવેલી આઝાદી કૂચના ચકચારભર્યા કેસમાં પૂર્વ પાસ અગ્રણી રેશમા પટેલની અદાલત સમક્ષ વાંરવારની ગેરહાજરીને લઈ મહેસાણા કોર્ટે આજે ગંભીર નોંધ લીધી હતી અને આ કેસમાં આખરે કોર્ટે આજે પૂર્વ પાસ અગ્રણી અને એનસીપી નેતા રેશમા પટેલ વિરુદ્ધ વોરન્ટ જારી કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, અગાઉ મહેસાણામાં આઝાદી કૂચના નામે વિશાળ રેલી કાઢવાનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ તે અંગેની કોઈ સત્તાવાર કે પોલીસની મંજૂરી લેવામાં આવી ન હતી જેના કારણે રેશમા પટેલ, જીજ્ઞેશ મેવાણી સહિત કુલ ૧૨ જણાં વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં જીજ્ઞેશ પણ આરોપી છે. જીજ્ઞેશ મેવાણી સહિતના આગેવાનો દ્વારા આ આઝાદી કૂચ કાઢવામાં આવી હતી. મંજૂરી વગર રેલી કાઢવામાં આવતા મહેસાણા એ ડિવિઝન પોલીસ મથકે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ કેસની મુદત દરમ્યાન રેશમા પટેલ વાંરવાર ગેરહાજર રહેતાં કોર્ટે આજે આ વાતની ગંભીર નોંધ લીધી હતી અને આજે મહેસાણા કોર્ટે પાસના પૂર્વ અગ્રણી રેશમા પટેલ વિરુદ્ધ વોરન્ટ કાઢ્યું હતુ અને કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં રાખી હતી.

અશાંત ધારો વધારે કડક કઠોર જોગવાઈ ઉમેરાઈ

અશાંત ધારાનો ભંગ કરનારાઓને ત્રણથી પાંચ વર્ષ સુધી આકરી જેલ અને રૂપિયા એક લાખની દંડની જોગવાઈ

અમદાવાદ, તા.૬

ગુજરાત વિધાનસભાગૃહમાં ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી ઉપર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડુઆતોને ખાલી કરાવવાથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબતનું સુધારા સાથેનું બહુ મહત્વનું વિધેયક રજૂ થયું હતું.

મહેસુલ વિભાગમાં હવાલો ધરાવતા મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ વિધેયક રજૂ કર્યું હતું. આ વિધેયકથી અશાંત વિસ્તારમાં મિલકતની ફેરબદલી પર પ્રતિબંધ લાગશે. વિધાનસભામાં રજૂ કરાયેલા સુધારા અને નવી જોગવાઈઓ સાથેના વિધેયકમાં અશાંત ધારો વધુ કડક બનાવવામાં આવ્યો છે અને તેમાં આકરી જોગવાઈઓ ઉમરેવામાં આવી છે. આજે ગુજરાત વિધાનસભાગૃહમાં અશાંતધારા સુધારા વિધેયક રજૂ કરવામાં આવ્યું હતું. ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ વિધેયક રજૂ કર્યુ હતું. આ વિધેયકથી અશાંત વિસ્તારમાં મિલકતની ફેરબદલી પર પ્રતિબંધ લાગશે. પ્રતિબંધના ચુસ્ત અમલ માટે સજા અને દંડની પણ જોગવાઈ કરવામાં આવી છે.

આ માટે સલાહકાર સમિતિ અને ખાસ તપાસ ટીમ નીમવામાં આવશે. આજે વિધાનસભામા અશાંત ધારા સુધારા બિલ પસાર કરવામાં આવ્યુ છે ત્યારે અગાઉ કોંગ્રેસના સમયમાં બિલ પસાર કરાયુ હતું બાદમાં ૧૯૯૧માં પસાર થયુ હતું. અશાંત ધારાનો કેટલાક લોકો છટકબારીનો ગેરલાભ લેતા હતા. પરંતુ મલિન ઈરાદાવાળા તત્વો કોઈ સમુદાયને હેરાન ન કરી શકે માટે આ વિધેયર પસાર કરવામાં આવ્યું હતું. પહેલા અશાંત ધારાવાળા વિસ્તારમાં ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર ખરીદ વેચાણ થતુ હતુ, એટલું જ નહી, તેમાં સીધા જઈને નોંધણી થતી હતી પરંતુ હવે પહેલા કલેકટર પાસે જવુ અને ત્યાં નોંધણી કરાવવી ફરજીયાત બનાવાઈ છે. રાજય સરકાર આ મામલે નવી એડવાઈઝરી કમિટી બનાવશે તથા નવી જોગવાઈમાં અપીલની જોગવાઈ પણ કરાઈ છે. એટલું જ નહી, અશાંત ધારાનો ભંગ કરનારને ત્રણથી પાંચ વર્ષ સુધીની જેલ અને રૂપિયા એક લાખની દંડની જોગવાઈ કરાઈ છે. મહેસુલ મંત્રી કૌશિક પટેલની નાદુરસ્ત તબિયતને કારણે તેઓ ગૃહમાં આવતાં નથી એટલે મહેસુલ વિભાગનો હવાલો હાલના તબક્કે ગૃહમાં જવાબ આપવા માટે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને સોંપાયો છે.

દૂધ ઉત્પાદકોને કડવો ડોઝ : સાબર દાણના ભાવમાં ૧૦૦ વધ્યા

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકોને સાબરડેરી એકહાથે આપીને જાણે કે બીજા હાથે લઈ લેતી હોય તેવો ઘાટ થયો છે. ડેરી દ્વારા રવિવારથી સાબરદાણના ભાવમાં રૂ. ૧૦૦નો વધારો કરાતા દૂધ ઉત્પાદકોમાં નારાજગી પ્રસરી છે. છેલ્લા ત્રણ મહિનામાં આ બીજો ભાવ વધારો હોવાનું દૂધ ઉત્પાદકોનું કહેવું છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરડેરી દ્વારા અરવલ્લી અને સાબરકાંઠાના મળી અંદાજે ૩.૫૦ લાખથી વધુ દૂધ ઉત્પાદકોને ખાણ તરીકે સાબરદાણનું સ્થાનિક ડેરી મારફતે વેચાણ કરવામાં આવે છે. જોકે દૂધ ઉત્પાદકો દૂધની ગુણવત્તા અને દૂધનું વધુ ઉત્પાદન મેળવવા બે ટાઈમ દુધાળા પશુઓને તેની દૂધની ક્ષમતા પ્રમાણે સાબરદાણ ખવડાવે છે. જોકે બજારમાં અન્ય ખાનગી કંપનીઓના દાણ પણ વેચાય છે. પરંતુ તે પશુઓને માફક ન આવતુ હોવાથી કેટલાક દૂધ ઉત્પાદકો તેનો ઉપયોગ કરવાને બદલે સાબરડેરી દ્વારા બનાવાતુ સાબરદાણ વાપરવાનો આગ્રહ રાખે છે.

અત્યારે સાબરડેરી નિર્મીત સાબરદાણ ૬૫ કિલોના શણના થેલામાં વેચાય છે. તેનો ભાવ અત્યાર સુધી રૂ. ૧૧૭૫ હતો પરંતુ સાબરડેરીના સંચાલકો દ્વારા રવિવાર તા. ૭ જુલાઈથી પ્રતિ ૬૫ કિલોની બોરીના ભાવમાં રૂ. ૧૦૦નો વધારો કરાયો છે. જેથી હવે પછી આ સાબરદાણનો ભાવ રૂ. ૧૨૭૫ થઈ ગયો છે. દૂધ ઉત્પાદકોનું કહેવુ છે કે ત્રણ મહીના અગાઉ પણ રૂ. ૧૦૦નો વધારો કરાયો હોવાનો દાવો કર્યો છે.

હજુ પણ રૂ. ૨૦૦ નુકસાન

સાબરડેરીના અંતરંગ સૂત્રોમાંથી જણાવાયા મુજબ સાબરદાણના ભાવમાં પ્રતિ ૬૫ કિલોની બોરીમાં રૂ. ૧૦૦નો વધારો કરાયા બાદ પણ હજુ સાબરડેરીને રૂ. ૨૦૦નું નુકસાન થાય છે. તેમ છતાં પણ બજારમાં વેચાતા અન્ય દાણની સરખામણીમાં સાબરદાણનો ભાવ દૂધ ઉત્પાદકો માટે પોષણક્ષમ હોવાનો દાવો કરાયો છે.

રોજનું કેટલુ સાબરદાણ બનાવાયુ

સાબરડેરીના હાજીપુરા પાસે આવેલા અદ્યતન સાબરણદાની ફેક્ટીરમાં દરરોજ અંદાજે ૧૦૦૦ થી ૧૨૦૦ ટન સાબરદાણ બનાવીને સ્થાનિક ડેરીઓના ઓર્ડર પ્રમાણે મોકલી આપવામાં આવે છે.

દરમ્યાન સાબરડેરીના સંચાલકોએ દૂધના કિલોફેંટમાં ભાવમાં ત્રણ વખત મળી રૂ. ૧૦૦ વધાર્યા છે. જેનો મતલબ એ થાય છે કે સાબરડેરીએ એક હાથમાં વધારો આપીને બીજા હાથે તે પાછો લઈ લીધો છે. અત્યારે સાબરકાંઠા જિલ્લામાં નહીવત વરસાદને લીધે લીલા ઘાસાચારાની અછત વર્તાઈ રહી છે ત્યારે દૂધ ઉત્પાદકો એવુ માને છે કે જો સાબરડેરીના સત્તાવાળાઓએ સાબરદાણના ભાવમાં તબક્કાવાર વાધારો કર્યો હોત તો તે દૂધ ઉત્પાદકો સહન કરી શકત પરંતુ એકદમ આપેલા કડવો ડોઝને લીધે દૂધ ઉત્પાદકોમાં નારાજગી પ્રસરે તે સ્વાભાવિક છે.

તો બીજી તરફ સાબરડેરીના આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરદાણમાં વપરાતુ ગવાર ગમ, મકાઈ, ગોળની રસી તથા અન્ય અનાજના ભાવમાં થયેલા વધારાને લીધે સાબરદાણના ભાવમાં વધારો કરવાનું અનિવાર્ય બન્યુ છે. જો દાણના ભાવમાં વધારો કરવામાં ન આવે તો આખરે દૂધ ઉત્પાદકોને દર વર્ષે મળતો અંતિમ ભાવફેર ઓછો ચુકવવો પડે તેમ છે. દાણના ભાવમાં રૂ. ૧૦૦નો વધારો કરાયો હોવા છતાં હજુ પણ સાબરડેરીને નુકસાન વેઠવું પડી રહ્યું છે.

ડીસાના સદગૃહસ્થની પ્રાર્થના સભા....

મૂળ જુનાડીસા ગામના વતની અને વર્ષોથી ડીસા સ્થાઈ થયેલા તેમજ હરિકાકા જમાદારના હુલામણા નામે ઓળખાતા હરિલાલ રામજીભાઈ પુનડિયાનું ગત તા. ૨/૭/૨૦૧૯ ના રોજ અચાનક અવસાન થતાં શોકની લાગણી છવાઈ છે ૮૬ વર્ષની જૈફ વયે પણ તેઓ નિરામય તંદુરસ્તી

ભોગવતા હતા તેમના કડક પણ નિખાલસ સ્વભાવ, નિર્વિવાદી વ્યકિતત્વ અને ધર્મ પારાયણ વૃત્તિના કારણે મોટું મિત્ર વર્તુળ ધરાવતા હતા સમાજ અને યુવાનોને અનુભવ થકી માર્ગદર્શન પૂરું પાડતા હતા તેમના અચાનક અવસાનથી ભર્યાભાદરા પરિવારને ખોટ પડી છે ગઈકાલે શુક્રવારે તેમના બજરંગ નગર સ્થિત નિવાસસ્થાને આયોજિત પ્રાર્થના સભામાં આગેવાનો, શુભેચ્છકો, આરોગ્ય વિભાગનો સ્ટાફ, પરિવારજનો અને સમાજજનોએ ઉપસ્થિત રહી તેમની જીવન ઝરમર વાગોળી અંતઃકરણપૂર્વક અંજલિ અર્પી તેમની સાથેના સંસ્મરણો યાદ કર્યા હતા.તેમના સુપુત્રો પ્રવિણચંદ્ર, લલિતભાઈ અને બી.એચ.ઓ. ડૉ. જીજ્ઞોશભાઈ હરિયાણીએ તમામનો ઋણ સ્વીકાર કર્યો હતો.

હોમ દ્વારા માત્ર ૭૯૯૦મા ૩૨ ઈંચનું એલઈડી ટીવી

અમદાવાદ, તા.૮

ક્રિકેટની પાછળ પાગલ ચાહકોને શ્રેષ્ટ મેચ જોવાનો અનુભવ આપવા માટે, આ વર્લ્ડ કપ સીઝન દરમિયાન રાજકોટ (ગુજરાત) સ્થિત ઈલેક્ટ્રોનિક્સ વિતરક એચઓએમ (હોમ) જાહેર કરે છે, એલઈડી ટીવી પર એક આકર્ષક ઓફર. આ ઓફરના ભાગરૂપે હોમ બ્રાન્ડનું ૩૨ ઈંચનું હાઈ ડેફિનેશન (એચડી) એલઈડી ટીવી ફક્ત રૂ.૭૯૯૦માં જ પ્રાપ્ય રહેશે. આ ઓફર તા.૧૪મી જુલાઈ સુધી ચાલશે એમ શ્રી રાહિલ પૂજારા, સીઈઓ, હોમએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હોમના આ ટેલિવિઝનમાં એક નવીનતમ ટેકનોલોજીએ લોકો માટે ટેલિવિઝન જોવાના અનુભવને નવવ્યાખ્યાયિત કર્યો છે.

જ્યારે મેચ જોવાની વાત આવે, ત્યારે તમારા ઘરમાં આરામદાયી રીતે, એક હાઈ-ડેફિનેશન જોવાના અનુભવને કોઈ જ અટકાવી ન શકે. હોમ ખાતે અમારો હેતુ ગ્રાહકોને ધ્યાનમાં રાખીને વધુ સારું કંઈક કરવાનો છે, તેનાથી અમે ખાસ અમારા ક્રિકેટના ચાહકો માટે ક્રિકેટ વર્લ્ડ કપ સિઝન દરમિયાન આ મર્યાદિત આવૃતિ લઈને આવ્યા છીએ. અત્યંત સ્ટાઈલિશ અને સ્લિમ ડિઝાઈનનું હોમનું ૩૨ ઈંચનું એલઈડી ટીવીની સાથે એચડી ડિસ્પ્લેમાં અયંત ઉચ્ચ ટેકનોલોજીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેનાથી લોકોને ટીવી જોવાનો એક શ્રેષ્ઠ અનુભવ મળે છે.

અકસ્માતે મોતના કિસ્સામાં ખેડૂતોને બે લાખની સહાય

ગાંધીનગર,તા.૮

રાજયમાં અકસ્માતે મૃત્યુના કિસ્સામાં ખેડૂત અકસ્માત વીમા સહાય યોજના હેઠળ તા.૨૩.૧૧.૨૦૧૮થી ૨ લાખની સહાય, જયારે એક હાથ, પગ, આંખ જેવી અપંગતાના કેસમાં ૧ લાખ સહાય આપવામાં આવે છે, તેમ આજે વિધાનસભા ગૃહમાં ઉંઝાના ધારાસભ્ય ડૉ. આશાબહેન પટેલ દ્વારા ખેડૂત અકસ્માત વીમ સહાય અંગે પૂછાયેલા તારાંતિક પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં રાજય કૃષિમંત્રી જયદ્રથસિંહ પરમાર દ્વારા જણાવાયું હતું. મહેસાણા જિલ્લામાં વર્ષ- ૨૦૧૮-૧૯ ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની ૯૨ અરજીઓ મળી હતી જેમાં તા.૩૦ જૂન-૨૦૧૯ની સ્થિતિએ ૪૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. જેમાં ૩૭ લાખથી વધુની સહાય ખેડૂતોના પરિવારને ચૂકવવામાં આવી છે. જયારે બાકીની ૫૫ અરજીઓ વિવિધ કારણોસર પ્રક્રિયા હેઠળ છે, તેમ પણ મંત્રીએ વધુ વિગતો આપતાં ઉમેર્યું હતું. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ગૃહમાં આ અંગે વધુ માહિતી આપતાં કહ્યું કે, વર્તમાન સરકારે પ્રથમવાર ખેડૂતોના અકસ્માત મૃત્યુના કિસ્સાઓમાં ૨ લાખની વીમા સહાય કરવાની શરૂઆત કરી છે.

અમારી સરકારે સાચા અર્થમાં ખેડૂતોની ચિંતા કરી છે.

મહેસાણામાં ખેડૂત અકસ્માત વિમા સહાયની ૪૪ અરજી મંજુર કરાઈ : પીએમ કૃષિ સિંચાઇ યોજના આશીર્વાદરૂપ

રાજયકૃષિ મંત્રીએ કડીના ધારાસભ્ય કરશનભાઈના પૂરક પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું હતું કે, વીમા માટેની અરજીઓમાં નિયત કરેલા દસ્તાવેજો સામેલ કરવાના હોય છે. જેના લાભાર્થી ખેડૂતના પરિવારને સમયસર લાભ મળી શકે. દરમિયાન ગ્રામ વિકાસ રાજય મંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યું છે કે, ગ્રામ્યસ્તરે આજીવિકાનો વ્યાપ વધે તે માટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના આશીર્વાદરૂપ પુરવાર થઈ રહી છે. વિધાનસભા ખાતે પ્રશ્નોત્તરી કાળમાં ભરૂચ જિલ્લામાં આજીવિકા વિકાસ માટેના કામોના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ ઉમેર્યું કે, છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ૫૯ સ્વસહાય જૂથોને ૬૨.૮૩ લાખના લાભો પૂરા પડાયા છે. કેન્દ્ર સરકારના ધારા ધોરણ મુજબ લાભો અપાય છે. આ યોજના હેઠળ ફરારખાના, ફરસાણ મેકીંગ યુનિટ, ફોર મીલ, ગ્રીન હાઉસ વીથ નર્સરી, પેપર ડીશ મેકીંગ યુનિટ, પોલ્ટ્રી યુનિટ, જેવા કામો હાથ ધરવામાં આવ્યા છે. સામાન્ય રીતે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજન હેઠળપાંચ થી આઠ ગામોની ૫ હજાર એકર જમીનને આવરી લઈને લાભો અપાય છે. સામાન્ય જમીનમાં હેકટરદીઠ ૧૨ હજાર તથા રણ વિસ્તારમાં હેકટરદીઠ ૧૫ હજારની સહાય પૂરી પાડવામાં આવે છે.

૫૦ દિવ્યાંગની મદદ માટે હાથ લંબાવવામાં આવ્યા

અમદાવાદ, તા.૮

દુનિયાભરમાં સમાજને સ્પેશ્યલી એબલ્ડ ઈન્ડિવિડ્યુઅલ્સ (દિવ્યાંગજનો)થી મુક્ત કરવાનાં વિઝન સાથે દેશમાં ચેરિટેબલ હોસ્પિટલોનું સંચાલન કરતી ચેરિટેબલ સંસ્થા નારાયણ સેવા સંસ્થાને પોલિયો અને જન્મથી દિવ્યાંગ લોકો માટે કૃત્રિમ અંગદાન કરવા માટે એક વધુ આર્ટિફિશિયલ લિમ્બ્સ મેઝરમેન્ટ કેમ્પનું આયોજન બાપુનગર, અમદાવાદમાં કરવામાં આવ્યું હતું.

જેમાં ૫૦ દિવ્યાંગ લોકોને લાભ આપવામાં આવ્યો હતો. નારાયણ સેવા સંસ્થાનનાં સીનિયર ડો. સુશીલ કુમારે મેઝરમેન્ટ કેમ્પનું સુપરવિઝન કર્યું હતું, જેમાં પોલિયોથી પીડિત તેમજ ડાયાબીટિસ, અકસ્માતો વગેરેમાં પોતાનાં પગો ગુમાવનાર વ્યક્તિઓનાં કૃત્રિમ અંગો માટે માપ લેવામાં આવ્યું હતું. નારાયણ સેવા સંસ્થાનનાં પ્રેસિડન્ટ પ્રશાંત અગ્રવાલે જણાવ્યું હતું કે, મનુષ્યનું શરીર અતિ જટિલ છે, છતાં કામગીરી બહુ સરળ કરે છે, પણ આ સરળ કામગીરી માટે તમામ અંગો અને શરીરનાં ભાગોની જરૂર છે. આ કારણે નારાયણ સેવા સંસ્થાન સમગ્ર ભારતમાં આર્ટિફિશિયલ લેમ્બ મેઝરમેન્ટ કેમ્પ યોજે છે, જેથી તેઓ તેમની રીતે હલનચલન કરવા સક્ષમ બને. નારાયણ સેવા સંસ્થાન વ્યક્તિઓને જરૂર હોઈ શકે એવી તમામ સુવિધાઓથી સજ્જ સ્માર્ટ વિલેજ ફોર ડિફરન્ટલી-એબલ્ડ ધરાવે છે. સંસ્થાન ભારતમાં એની ૪૮૦ શાખાઓ અને વિદેશમાં ૮૬ શાખાઓ ધરાવે છે, જેમાં અક્ષમતા દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

રોજિંદા કામગીરી સ્વરૂપે નારાયણ સેવા સંસ્થાન દર્દીઓ અને તેમનાં પરિવારજનોને ઉદેપુર રેલવે સ્ટેશનથી પિક અપ માટે નિઃશુલ્ક વાહન આપે છે, ત્યારે નારાયણ સેવા સંસ્થાનાં ગેસ્ટ હાઉસમાં નિઃશુલ્ક રોકાણ અને ભોજન પણ પ્રદાન કરે છે. આમ, નારાયણ સેવા સંસ્થા દ્વારા સમાજમાં નિઃશુલ્ક રીતે કૃત્રિમ પગના દાન માટેની અનોખી સેવા વર્ષોથી ચલાવવામાં આવી રહી છે.

અકસ્માત

● અનુસંધાન પહેલાનું ચાલુ

દુર્ઘટનામાં માર્યા ગયેલા તમામ લોકોના નજીકના સંબંધીને પાંચ પાંચ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી છે. સાથે સાથે આ અકસ્માતમાં તપાસ કરવા માટે ત્રણ સભ્યોની કમિટીની રચના પણ કરી દીધી છે. મુખ્યપ્રધાને આ સમિતીને માત્ર ૨૪ કલાકમાં અહેવાલ આપવા માટેનો આદેશ કર્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ અવધ ડેપોની રોડવેઝની બસ રવિવારના દિવસે રાત્રે દસ વાગે આલમબાગ રોડવેઝ બસ સ્ટેન્ડથી પ્રવાસીઓને લઈને દિલ્હીથી રવાના થઈ હતી. આ બસ લખનો એક્સપ્રેસ વે અને ઈનર રિંગ રોડ થઈને વહેલી પરોઢે ચાર વાગ્યાની આસપાસ બસ યમુના એક્સપ્રેસ વે પર પહોંચી હતી. એમ માનવામાં આવે છે કે અહીંથી બે ત્રણ કિલોમીટરના અંતરે આગળ વધતાની સાથે જ ડ્રાઈવરને ઝોંકો આવી ગયો હતો. જેથી બસ બિન નિયંત્રિત થઈને યમુના એક્સપ્રેસ વેની ચાર ફુટ ઉંચી રેલિંગ તોડીને ૩૦ ફુટ ઉંડા નાળામાં પડી હતી. એમ માનવામાં આવે છે કે બસમાં આશરે ૪૦થી ૪૫ યાત્રી હતા. બનાવના વખતે મોટા ભાગના યાત્રી નીંદમાં હતા. કોઈને બુમ પાડવાની પણ તક મળી ન હતી. ગામની એક વ્યક્તિએ જોરદાર અવાજ સાંભળતા તમામને જાણ કરી હતી. ત્યારબાદ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ ગયા હતા. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. પોલીસને જાણ કરવામાં આવી હતી. બીજી બાજુ દુર્ઘટનાગ્રસ્ત બસ નાળામાં ખાબકી ગયા બાદ ઉંધી વળી ગઈ હતી. જેથી તમામ યાત્રી અંદર ફસાઈ ગયા હતા. અકસ્માતના આશરે બે કલાક બાદ જેસીબી અને ક્રેન ઘટનાસ્થળે પહોંચી ગયા બાદ બસમાંથી યાત્રીઓને બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

ભયભીત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુત્રોના જણાવ્યા અનુસાર પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન કાંધાર અને કુનારની આંતરરાષ્ટ્રીય સરહદ નજીક અફઘાનિસ્તાનમાં પોતાના બેઝકેમ્પને શિફ્ટ કરવામાં આવી રહ્યા છે. આવું કરવા માટે પાકિસ્તાની સરકારનું દબાણ હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. આ વર્ષના અંત સુધીમાં પાકિસ્તાનને ટેરર ફંડિંગ પર નજર રાખનાર સંસ્થા ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (એફએટીએફ)ની સામે પોતાને બ્લેકલિસ્ટ બચાવવા માટેનો રહેલો છે. આમ દુનિયાની નજરમાં પાકિસ્તાનના કથિત એક્શનને બતાવવા માટે આતંકવાદી પોતાના ત્રાસવાદીઓ અને ટેરર કેમ્પોને અફગાન બોર્ડ પર શિફ્ટ કરી રહ્યા છે. ગુપ્તચર સુત્રોના જણાવ્યા અનુસારકાંધાર સ્થિત ભારતીય વાણિજ્ય દુતાવાસમાં તાલિબાની હુમલાના ખતરાને લઈને હાઈએલર્ટ પર મુકવામાં આવી રહ્યા છે. ગુપ્તચરો દ્વારા ખુલાસો કરવામાં આવ્યો હતો કે, હક્કાની નેટવર્કે વર્ષની શરૂઆતમાં જૈશના લીડર મસુદ અઝહરને અફઘાનિસ્તાનમાં પનાહ આપવાની પણ ઓફર કરી હતી.

'કર-નાટક'

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટીને ૧૦૪ થઈ ગઈ છે. જ્યારે મુખ્ય વિપક્ષી પાર્ટીની પાસે વિધાનસભામાં સભ્યોની સંખ્યા ૧૦૫ રહી ગઈ છે. આવી સ્થિતીમાં ભારતીય જનતા પાર્ટી સરકારની રચના કરવા માટેના પ્રયાસ કરી શકે છે. અપક્ષ ધારાસભ્ય નાગેશે ગવર્નર વજુભાઈ વાળાને પત્ર લખીને કોંગ્રેસ-જેડીએસ સરકારને સમર્થન પરત લેવાની જાહેરાત કરી છે. સાથે સાથે એવી સ્પષ્ટતા પણકરી છે કે જો ભાજપ સરકાર બનાવે છે અને સમર્થન માંગે છે તો સાથ આપશે. રાજીનામુ આપી દેવામાં આવ્યા બાદ નાગેશ પણ મુંબઈ માટે રવાના થઈ ગયા હતા. અત્રે નોંધનીય છે કે કોંગ્રેસ-જેડીએસના ૧૩ અસંતુષ્ટ ધારાસભ્યો હાલમાં મુંબઈની એક હોટેલમાં રોકાયેલા છે. જો કે વિધાનસભાના અધ્યક્ષે તમામના રાજીનામા હજુ સ્વીકાર કર્યા નથી. સ્પીકર રમેશ કુમારનુ કહેવુ છે કે હાલમાં તેઓ રજા પર છે. તેઓ મંગળવારના દિવસે આ મુદ્દા પર વિચારણા કરશે. મુખ્યપ્રધાન કુમારસ્વામી અમેરિકામાં હતા ત્યારે કર્ણાટકમાં જોરદાર રાજકીય ઘટનાક્રમનો દોર ચાલ્યો હતો. કુમારસ્વામી અમેરિકાથી પરત આવી ચુક્યા છે. કોંગ્રેસ અને જેડીએસ દ્વારા પોતાની સરકારને બચાવી લેવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીના સભ્યોના આરોપ છે કે પ્રદેશમાં સરકાર ચાલે તેમ ભારતીય જનતા પાર્ટીના લોકો ઈચ્છતા નથી. કોંગ્રેસ અને જેડીએસમાં તોડફોડમાં ભાજપના રાષ્ટ્રીય નેતાઓની ભૂમિકા હોવાનો કોંગ્રેસનો આરોપ છે. કર્ણાટક કટોકટી વચ્ચે તમામની નજર સ્પીકરના નિર્ણય પર હવે કેન્દ્રિત છે.

ગાજ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સરકાર ગુમરીતે ષડયંત્ર રચી રહી છે. વિપક્ષ સરકારમાં રહે તે તેમને પસંદ નથી. આ ચિંતાજનક બાબત છે. અમારી પાર્ટીના ધારાસભ્યોને મુંબઈમાં આલીશાન હોટલમાં રખાયા છે. અધિર રંજન ચૌધરીના આક્ષેપોનો જવાબ આપતા સંસદમાં ઉપનેતા કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, તેમની પાર્ટીને કર્ણાટકના ઘટનાક્રમ સાથે કોઈ લેવા દેવા નથી. તેમણે કહ્યું હતું કે, અમારો ઈતિહાસ રહ્યો છે કે, કોઈપણ પ્રકારનું પ્રલોભન આપીને અમે પક્ષ પલટો કરાવવાની કોશિશ કરી નથી. સંસદીય લોકતંત્રની ગરીમા જળાવી રાખવા માટે અમે લોકો સંપૂર્ણરીતે કટિબદ્ધ છે. કર્ણાટકમાં કોંગ્રેસના ધારાસભ્યોના રાજીનામાના બહાને રાજનાથસિંહે વાયનાડના સાંસદ રાહુલ ગાંધી ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, રાજીનામુ આપવાનો સિલસિલો અમે લોકોએ શરૂ નથી કરાવ્યો છે. કોંગ્રેસમાં રાહુલ ગાંધીએ રાજીનામું આપવા માટેનો સિલસિલો શરૂ કર્યો છે એમાં ભાજપને કોઈ લેવા દેવા નથી.

વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી માણસાના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાંવ્યા મુજબ ચારેય તાલુકાની કુલ ૩૩૨૯ અરજીઓ આવી હતી. જયારે આ પૈકી ૧૦૭૭ ખેડુતોને ટ્રેકટર સહાયની સબસીડી ચુકવવામાં આવી છે. જયારે ૧૦૧૧અરજીઓ પડતર છે.

મનરેગા અન્વયે ૫,૧૦,૯૮૪ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવાઇ

જિલ્લામાં મનરેગા યોજના અન્વયે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરવામાં આવી દહેગામના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં રજુ કરાયેલા લેખિત જવાબમાં જણાંવાયા મુજબ વર્ષ ૨૦૧૮-૧૯ ના નાંણાકીય વર્ષ દરમિયાન ૫,૨૩૯૮૪ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા માટે આયોજન કરાયુ હતુ જયારે ગત ૩૧ માર્ચની સ્થિતિએ ૫,૧૦૩૪૩ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરવામાં આવી છે. જયારે આ પૈકી મહીલાઓ માટે ૨,૧૪,૩૨૫ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરવામાં આવી છે.